GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૪૯ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ પાંચમ, સોમવાર ૧૭ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# યુક્રેનનો રશિયા પર સૌથી મોટો ડ્રોન હૂમલો : છના મોત

**યુક્રેને** રશિયા પર સેંકડો ડ્રોન છોડ્યા, છનાં મોત થયા, અનેક ઘરોને નુકસાન, દાવાનળ ફાટ્યો

**રશિયાના** યુક્રેન પર વળતા હુમલામાં પાંચના મોત, કિવના પ્રસિદ્ધ પુસ્તક બજારમાં આગ, અનેક ઘરો નષ્ટ



**મોસ્કો, 16 (AP):** યુક્રેને રવિવારે રશિયાભરમાં સેંકડો ડ્રોન છોડ્યા હતા, જેમાં ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે. યુદ્ધ શરૂ થયા પછીનો આ યુક્રેનનો સૌથી મોટા હવાઈ હુમલામાંનો એક માનવામાં આવે છે.

યુક્રેને આ વર્ષે રશિયા પર પોતાના હુમલા ઝડપી બનાવ્યા છે, જેમાં લાંબા અંતરની મિસાઈલો અને ડ્રોનના ઝૂંડ વડે સૈન્ય ઉદ્યોગો તથા ઊર્જા સુવિધાઓને નિશાન બનાવવામાં આવી રહી છે. તેણે રશિયન ઓનલાઈન રિટેલ કંપની 'વાઈલ્ડબેરીઝ'ના વિશાળ ગોડાઉનો પર પણ હુમલા વધાર્યા છે, જેનાથી કંપનીનો અબજો ડોલરનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. મોસ્કો દ્વારા યુક્રેન પર કરાયેલા પૂર્ણ કક્ષાના આક્રમણને સાડા ચાર વર્ષ જેટલો સમય થવા આવ્યો છે, ત્યારે આ હુમલાઓએ રશિયન જનતા સુધી યુદ્ધની ભયાનકતા પહોંચાડી દીધી છે.

બીજી તરફ, યુક્રેન પર પણ રશિયાએ વળતો હુમલો કર્યો હતો, જેમાં ડ્રોન સ્ટ્રાઈકથી ઘરો નષ્ટ થઈ ગયા હતા અને કીવના પ્રખ્યાત પુસ્તક બજારમાં આગ લાગી ગઈ હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે રાત્રે ૮૨૨ યુક્રેનિયન ડ્રોન નષ્ટ કર્યા હતા. મોસ્કોના મેયર સેર્ગેઈ સોબ્યાનિને જણાવ્યું કે લગભગ ૬૦૦ ડ્રોન રશિયાની રાજધાની તરફ આવી રહ્યા હતા, જેમાંથી ત્રીજા ભાગના ડ્રોન મોસ્કો વિસ્તારમાં જ તોડી પાડવામાં આવ્યા હતા.

મોસ્કો ક્ષેત્રમાં યુક્રેનિયન ડ્રોન એક ખાનગી ઘર પર ત્રાટકતા ૮૩ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું હતું, તેમ સ્થાનિક રાજ્યપાલ આંદ્રેઈ વોરોબ્યોવે જણાવ્યું હતું. તેમણે એ વાતની પણ પુષ્ટિ કરી હતી કે યુક્રેનના હુમલાને કારણે પોડોલ્સ્ક શહેરમાં આવેલા વાઈલ્ડબેરીઝના એક ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. રશિયાના દક્ષિણ-પશ્ચિમ રોસ્ટોવ ક્ષેત્રના ત્રણ શહેરોને નિશાન બનાવીને કરાયેલા ડ્રોન હુમલામાં પાંચ લોકોના મોત થયા હોવાનું સ્થાનિક ગવર્નર યુરી સ્લ્યુસારે જણાવ્યું હતું. ૧૫૦થી વધુ ડ્રોન વડે કરાયેલા આ હુમલામાં કેટલાય ઘરો અને એક રેલવે સ્ટેશનને નુકસાન થયું હતું તથા જંગલમાં આગ ફાટી નીકળી હતી. યુક્રેનની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક કંપની 'આર્સેલર મિત્તલ ક્રિવિ રિહ'એ પુષ્ટિ કરી હતી કે મિસાઈલ હુમલામાં તેના એક પ્લાન્ટને નુકસાન થયું છે અને કામગીરી આંશિક રીતે સ્થગિત કરવામાં આવી છે.

### લાલ કિલ્લા પરથી સંબોધનમાં મોદીએ યુવાનો માટે અનેક જાહેરાતો કરી

## સશસ્ત્ર નક્સલવાદ નાબૂદ થયો, 'દિમાગી નક્સલીઓ' હજુ સક્રિય : પીએમ મોદી






**સંબોધન** 'વિકસિત ભારત 2047'ના વિઝન પર કેન્દ્રિત રહ્યું, 50થી વધુ વખત યુવાનોનો ઉલ્લેખ

**સંસદમાં** મહિલા અનામત માટે રાજકીય ખેંચતાણ બાજુએ રાખવાનું વિપક્ષને આહવાન કર્યું

**'સપ્તધારા'** તરીકે ઓળખાવેલા માર્ગ દ્વારા ભારતની આર્થિક અને વ્યૂહાત્મક પ્રગતિનો રોડમેપ પણ રજૂ કર્યો

**નવી દિલ્હી, તા. 15 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ધારાસભ્યો અને સાંસદોમાં મહિલાઓ માટે 33 ટકા અનામત સુનિશ્ચિત કરવા માટે રાજકીય પક્ષોને મતભેદોથી ઉપર ઉઠવાની અપીલ કરી હતી. સાથે જ તેમણે વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોને નેતૃત્વ લેવા આહવાન કર્યું હતું અને ચેતવણી આપી હતી કે સશસ્ત્ર નક્સલવાદ ખતમ થઇ ગયો છે પરંતુ દિમાગી નક્સલો હજુ પણ સક્રિય છે.

દેશના 80મા સ્વતંત્રતા દિવસ પર જવાહરલાલ નેહરુના સતત 17 ભાષણો પછી બીજા ક્રમના

...અનુસંધાન પાના 2 પર

### 'દિમાગી નક્સલ' શબ્દનો ઉપયોગ મોદીએ 'વિરોધના અવાજ'ને બદનામ કરવા કર્યો છે : વિપક્ષો

**નવી દિલ્હી, તા. 15 (PTI):** વિરોધ પક્ષોએ શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિમાગી નક્સલ વાળા નિવેદન બદલ તેમની ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેમણે પોતાના સ્વતંત્રતા દિવસના ભાષણનો ઉપયોગ રાજકારણ માટે ન કરવો જોઈતો હતો. વિપક્ષોએ એવો પણ દાવો કર્યો હતો કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં અનામત અમલમાં મૂક્યા વિના ધારાસભ્યો/સંસદોમાં મહિલાઓ માટે 33 ટકા અનામત અંગેની તેમની રજૂઆત શાસક ભાજપનો ઢોંગ દર્શાવે છે. ૮૦મા સ્વતંત્રતા દિવસે પોતાના સતત ૧૩મા સંબોધનમાં, વડાપ્રધાને રાજકીય પક્ષોને મતભેદોથી ઉપર ઉઠીને ધારાસભ્યો/સંસદોમાં મહિલાઓ માટે 33 ટકા અનામત સુનિશ્ચિત કરવામાં મદદ કરવા વિનંતી કરી હતી, યુવાનોને વિકસિત ભારતના નિર્માણમાં નેતૃત્વ લેવા આહ્વાન કર્યું હતું અને "દિમાગી નક્સલ" દ્વારા ભ્રમિત ન થવા સામે ચેતવણી આપી હતી. વડાપ્રધાન મોદીના 'દિમાગી નક્સલ' નિવેદન પર પ્રહાર કરતા કેટલાક વિપક્ષી

...અનુસંધાન પાના 2 પર

### લાલ કિલ્લા પરથી ચાર વર્ષમાં પીએમ મોદીનું સૌથી ટૂંકુ સંબોધન

**નવી દિલ્હી, તા. 15 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે 75 મિનિટનું સ્વતંત્રતા દિવસનું ભાષણ આપ્યું હતું, જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી ટૂંકું અને અત્યાર સુધીનું તેમનું ચોથું સૌથી ટૂંકું ભાષણ છે. ગયા વર્ષે ભારતના 79મા સ્વતંત્રતા દિવસે મોદીએ 103 મિનિટનું ભાષણ આપ્યું હતું, જેણે 2024માં 78મા સ્વતંત્રતા દિવસે આપેલા 98 મિનિટના ભાષણના પોતાના જ રેકોર્ડને તોડ્યો હતો. 2024 પહેલાં તેમનું સૌથી લાંબુ સ્વતંત્રતા દિવસનું ભાષણ 2016માં 96 મિનિટનું હતું, જ્યારે તેમનું સૌથી ટૂંકું ભાષણ 2017માં હતું, જ્યારે તેઓ 56 મિનિટ બોલ્યા હતા. મોદીએ શનિવારે લાલ કિલ્લા પરથી

...અનુસંધાન પાના 2 પર

### મોદીએ ગુજરાતી લાલ બાંધણી પાઘડી પહેરી, જેકેટમાં ત્રિરંગી રૂમાલના ક્રમ અંગે કટાક્ષ

**નવી દિલ્હી, 15 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરતી વખતે પોતાના ખાસ અંદાજમાં પરંપરાગત બાંધણી લાલ પાઘડી પહેરી હતી. મોદીએ તેમના સફેદ કુર્તા અને ચોકલેટ બ્રાઉન વેસ્ટ (જવાહર કટ જેકેટ) સાથે રાજસ્થાની અને ગુજરાતી સંસ્કૃતિમાં સામાન્ય એવી પરંપરાગત પાઘડી પહેરી હતી. તેમણે પોતાના જેકેટના ખિસ્સામાં કેસરી, લીલા અને સફેદ રંગના ત્રણ પોકેટ સ્ક્વેર (રૂમાલ) પણ મૂક્યા હતા. જો કે આ રૂમાલોના ક્રમ અંગે વિપક્ષો અને ઇન્ટરનેટ યુઝરોએ કટાક્ષો પણ કર્યા હતા કારણ કે તેમાં રંગોના ક્રમ રાષ્ટ્રધ્વજના રંગોના ક્રમથી ઉલટા - પહેલા લીલો, પછી સફેદ અને છેલ્લે કેસરી એવા દેખાતા હતા.

## 'વંદે માતરમ' રાષ્ટ્રગાનના અનાદરનો કોંગ્રેસ પર ભાજપનો આક્ષેપ

**સ્વતંત્રતા** દિવસના કોંગ્રેસના કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ વંદે માતરમ ગીત અટકાવી દેવા ઇશારો કર્યો હોવાનો ભાજપનો આક્ષેપ

**કોંગ્રેસે** કહ્યું કે સોનિયાએ તો વયોવૃદ્ધ મલ્લિકાર્જુન ખડગે માટે ખુરશી મૂકવા માટે ઇશારો કર્યો હતો, ગીત અટકાવવા નહીં



**નવી દિલ્હી, ૧૫ ઓગસ્ટ (PTI):** ભાજપે રવિવારે કોંગ્રેસ પર પ્રહારો કરતા આરોપ લગાવ્યો હતો કે તેના ટોચના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટીના સ્વતંત્રતા દિવસના કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ગવાઈ રહ્યું હતું ત્યારે તેનું "ઘોર અનાદર" કર્યું હતું. ભાજપે આ અંગે તેમની પાસે માફીની માંગ કરી છે.

...અનુસંધાન પાના 2 પર

### બંકિમચંદ્રના વંશજે સોનિયા પાસે માફીની માગ કરી

**કોલકાતા :** વંદે માતરમ ગીતના રચયિતા બેંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયના પ્રત્યક્ષ વંશજ અને ભાજપના ધારાસભ્ય સુમિત્રો ચેટર્જીએ સ્વતંત્રતા દિવસે AICC મુખ્યાલયમાં બનેલી એક કથિત ઘટના અંગે કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી પાસે બિનશરતી માફીની માંગ કરી છે. તેમણે દાવો કર્યો હતો કે ત્યાં "વંદે માતરમ"નું પૂર્ણ વર્ઝન ગાવા દરમિયાન અસ્વસ્થતા જોવા મળી હતી અને તેને રોકવાના વારંવાર પ્રયાસો કરવામાં

...અનુસંધાન પાના 2 પર

### પેટ્રોલિયમ પેદાશોની નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ ઘટાડાયો

**નવા દિલ્હી, તા. 15 (PTI):** સરકારે 14 ઓગસ્ટથી શરૂ થતા પખવાડિયા માટે પેટ્રોલ, ડીઝલ અને એટીએફની નિકાસ પર વિન્ડફોલ ગેઈન્સ ટેક્સ (અણધાર્યા નફા પરનો કર) ઘટાડ્યો છે. ડીઝલની નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (એસએઈડી)નો દર હવે પ્રતિ લીટર રૂ. 24 થયો છે, જે અગાઉ પ્રતિ લીટર રૂ. 25.5 હતો. એટીએફની નિકાસ પર એસએઈડી પ્રતિ લીટર રૂ. 19.5 નક્કી કરવામાં આવ્યો છે, જે અગાઉ પ્રતિ લીટર રૂ. 22 હતો. પેટ્રોલની નિકાસ પરની ડ્યુટી 3 ઓગસ્ટે લાદવામાં આવેલા પ્રતિ લીટર રૂ. 3.5થી ઘટાડીને 14 ઓગસ્ટથી શૂન્ય કરવામાં આવી છે. નાણા મંત્રાલયે એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, ડ્યુટીમાં કરાયેલા ફેરફારો 14 ઓગસ્ટથી અમલમાં આવશે. પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે સરકારે 27 માર્ચે ડીઝલ

...અનુસંધાન પાના 2 પર

## ઝારખંડમાં વિદ્યાર્થીઓએ રાહુલ, સોરેનનાં પૂતળાં બાળ્યાં

**પ્રદર્શનકારીઓ** વિદ્યાર્થીઓએ 20 ઓગસ્ટે મુખ્યમંત્રી નિવાસસ્થાન ઘેરાવની જાહેરાત કરી




**રાંચી, તા. 16 (PTI)** ઝારખંડની ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ રવિવારે અહીં મુખ્યમંત્રી હેમંત સોરેન, રાહુલ ગાંધી અને આરજેડી નેતા તેજસ્વી યાદવનાં પૂતળાં બાળ્યાં હતાં અને જેએમએમ-કોંગ્રેસ ગઠબંધન પર તેમની માગણીઓ પર 'ઠોસ પગલાં લેવામાં નિષ્ફળ' જવાનો આક્ષેપ કર્યો હતો.

આંદોલન 23મા દિવસે પ્રવેશતાં આંદોલનકારીઓએ જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમના વિરોધ સ્થળથી

...અનુસંધાન પાના 2 પર

તા. ૧૬-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું
### હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૫૪૭ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૧.૨ સે. | ૨૫.૬ સે. | ૬૮% |

## બંગાળના માજી નાયબ સ્પીકર આશિષ બેનરજી ફાંસો ખાધેલી હાલતમાં મળ્યા

**તૃણમૂલના** આ વરિષ્ઠ નેતા બીરભૂમ જિલ્લામાં પક્ષના કાર્યાલયમાં લટકતી હાલતમાં મળ્યા, મોત અંગે રાજકીય આરોપ-પ્રત્યારોપ

**કથિત** સુસાઇડ નોટમાં રાજકારણમાં પ્રવેશવા બદલ અફસોસ વ્યક્ત કર્યો, પોતે કોઇ ભ્રષ્ટાચાર કર્યો નહીં હોવાનું પણ લખ્યું છે



**રામપુરહાટ, તા. 16 (PTI):** પશ્ચિમ બંગાળ વિધાનસભાના ભૂતપૂર્વ ડેપ્યુટી સ્પીકર આશિષ બેનર્જી રવિવારે સવારે બીરભૂમ જિલ્લામાં એક તૃણમૂલ કોંગ્રેસ પાર્ટી કાર્યાલયમાં ફાંસો ખાધેલી હાલતમાં લટકતા મળી આવ્યા હતા, તેમ પોલીસે જણાવ્યું હતું. તેમના નિધન પછી મૃત્યુ સંબંધિત પરિસ્થિતિઓ અંગે ટીમસી અને ભાજપ વચ્ચે રાજકીય આરોપ પ્રત્યારોપની રમત શરૂ થઇ હતી.

પોલીસે જણાવ્યું કે હટતલા પાડામાં તેમના નિવાસસ્થાન નજીક આવેલી પાર્ટી ઓફિસમાંથી એક

...અનુસંધાન પાના 2 પર

## ઇન્ડોનેશિયામાં 7.7ની તીવ્રતાના ભૂકંપથી 51ના મોત, મરણાંક વધશે

**100** લોકો ઘાયલ, 900થી વધુ ઘરો નાશ પામ્યાં, આશરે 5000 લોકો આશ્રયસ્થાનોમાં



**રૂતેંગ (ઈન્ડોનેશિયા), તા. 16 (AP):** પૂર્વ ઈન્ડોનેશિયામાં શનિવારે આવેલા ૭.૭ની તીવ્રતાના ભૂકંપ બાદ રવિવારે રેસ્ક્યુ ટીમે વધુ ચાર મૃતદેહો બહાર કાઢ્યા હતા, જેની સાથે જ મૃત્યુઆંક વધીને ૫૧ પર પહોંચી ગયો છે અને હજારો લોકો બેઘર બન્યા છે. એમ સત્તાવાળાઓએ જણાવ્યું હતું. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) જણાવ્યા અનુસાર, આ શક્તિશાળી ભૂકંપ પૂર્વ ઈન્ડોનેશિયાના ફ્લોરેસ વિસ્તારમાં સ્થાનિક સમય મુજબ સવારે ૫:૫૮ વાગ્યે ૧૦ કિલોમીટર (૬ માઈલ)ની ઊંડાઈએ આવ્યો હતો. સુનામીની ચેતવણી જારી કર્યા બાદ તેને પાછી ખેંચી લેવાતાં સ્થાનિક લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને ભાગદોડ મચી ગઈ હતી. ઈન્ડોનેશિયાની હવામાન એજન્સીના જણાવ્યા મુજબ, ત્યાર બાદ ઓછામાં ઓછા ૨૩૫ આફ્ટરશોક્સ અનુભવાયા હતા.

મુસ્લિમ બહુમતી ધરાવતા ઈન્ડોનેશિયામાં કેથોલિક બહુમતી ધરાવતા ફ્લોરેસ ટાપુના છ જિલ્લાઓમાં ભૂકંપના કારણે સર્જાયેલા ભૂસ્ખલન નીચે દબાયેલા લોકોની શોધખોળ માટે રવિવારે રેસ્ક્યુ ટીમે કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. તેઓએ સૌથી વધુ અસરગ્રસ્ત મંગરાઈ, ઈસ્ટ

...અનુસંધાન પાના 2 પર